# વલાદની ફેકટરીમાંથી પાંચ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર તાલુકાના વલાદ ગામની સીમમાં આવેલી ફેકટરીમાંથી રૂ.૫ લાખની ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. એમએસએસ મેડિટેસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી વર્કશોપ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા કર્મચારી પોતાના દિકરાના લગ્ન માટે મિત્ર પાસેથી ઉછીના લીધેલા નાણા પોતાના ડ્રોઅરમાંથી ચોરી થતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજ અને શંકાના આધારે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વલાદ ગામની સીમમાં સ્થિત એમએસએસ મેડિટેસ ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં વર્કશોપમાં ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા સવાઈ સિંહ દેવીસિંહ રાજપૂત ( રહે.તિર્થભુમિ રેસીડન્સી નવા નિકોલ) ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે તેઓ પોતાના દિકરાના લગ્ન હોવાથી મિત્ર પાસેથી ઉછીના રૂ.૫ લાખ લઈને નોકરી પર સવારે આવ્યા હતા. પોતાની પાસે રહેલા રૂ.૫ લાખ ડ્રોઅરમાં મુક્યા હતા. દિવસ દરમિયાન નોકરી કર્યા બાદ સાંજે ઘરે જવા માટે નીકળ્યા હતા ત્યારે ડ્રોઅરમાંથી રૂપીયા લેવા જતા ડ્રોઅરમાં રૂપીયા ન હતા. જેથી કંપનીના સીસીટીવી ફુટેજને પગલે ૭ થી ૮ કર્મચારીઓમાંથી કોઈ એક કર્મચારીએ રૂપીયા ચોરી કરી લીધા હોવાની શંકા સાથે પોલીસ ફરીયાદ કરતા ડભોડા પોલીસે શંકાસ્પદ કર્મચારીઓ અને અન્ય કર્મચારીઓની પુછપરછ શરુ કરી છે.

# સેકટર-૫/બી ખાતે મકાનનું તાળુ તોડી એક લાખની ચોરી

## દિકરીના લગ્ન હોવાથી પરિવાર ઘર બંધ કરીને ગામડે ગયો હતો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં તસ્કરોનું રાજ હોય તેમ લાગી રહ્યું છે. તસ્કર ટોળકી રહેણાંક વિસ્તારના બંધ મકાનને સરળતાથી ટાર્ગેટ કરી ઘટનાને અંજામ આપે છે. ત્યારે શહેરમાં રાત્રી પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો બેફામ બનતા નાગરીકો ડર અનુભવી રહ્યા છે. શહેરના સેકટર-૫ બી ખાતે એક બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને અંદર પ્રવેશી રોકડા રૂ.૧ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરિવાર દિકરીના લગ્ન હોવાથી કડી ખાતે ગયો હતો તે દરમિયાન ચોર ઈસમો કળા કરી ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૫ બી પ્લોટ નં. ૧૪૮૩-૨ ખાતે રહેતા અને નિવૃત જીવન ગાળતા મોહમંદ હુસેન ઉસ્માનબાઈ કાગદી (ઉં.વ.૬૭) પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. ગત તા. ૧૬ ના રોજ તેઓ પોતાની દિકરી સમિદાના લગ્ન હોવાથી વતન કડી ખાતે ગયા હતા.ત્યારબાદ તા.૨૭ ના રોજ દિકરી અને જમાઈ ઘરે આવ્યા હતા. તે સમયે ઘરનો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો અને ઘરની અંદર બેડરૂમ અને સ્ટોરરૂમમાં સામાન વેર-વિખેર પડ્યો હતો. દિકરીએ ઘરના દરવાજનો નકુચો તુટેલો હોવાથી તાત્કાલીક પોતાના પિતાને ફોન કરીને જાણ કરી હતી. ત્યારબાદ તાત્કાલીક ગાંધીનગર આવી પહોંચેલા મોહમંદ હુસેન અને તેમના પત્ની દોડી આવ્યા હતા. ઘરની અંદર તપાસ કરતા ઘરનો સામાન વેર વિખેર પડેલો હતો. જયારે સ્ટોર રૂમમાં વાદળી કલરની થેલીમાં રહેલા રોકડા રૂ.૧ લાખ લઈ તસ્કરો છુમંતર થઈ ગયા હતા. બનાવ અંગે મોહમંદ હુસેને સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે.

# શહેરમાં બેફામ ગતિએ વાહનો હંકારતા યુવાનો સામે તંત્રની તવાઈ આવશે

## શહેરના માર્ગ પર જોખમી રીતે બાઈક હંકારતા યુવાનનો વિડીયો વાઈરલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના ચકાચક અને પહોળા માર્ગો પર વાહન ચાલકો રોકેટ ગતિએ પોતાના વાહનો હંકારતા નજરે પડે છે. શહેરમાં ગતિ નિયંત્રણ હોવા છતા નિયમો નેવે મુકીને યુવાનો બાઈક પર અવનવા સ્ટંટ કરતા નજરે પડે છે.ત્યારે ગાંધીનગર શહેરમાં ધુમ સ્ટાઈલે જોખમી રીતે બાઈક હંકારતા બે યુવકોનો વિડીયો વાઈરલ થયો છે. જોખમી રીતે બાઈક હંકારીને પોતાના સાથે અન્ય નાગરીકોનો જીવ પણ તાળવે ચોંટી જાય છે. નગરમાં બેકાબુ બનેલા યુવકોનો વિડીયો શહેરમાં વાઈરલ થયો છે. ત્યારે શહેરના જાગૃત નાગરીકે આ વિડીયો ગાંધીનગર જિલ્લા કેલકટર એસ.કે.લાંગા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા સહિતના અધિકારીઓને મોકલી આપ્યો છે. અત્યારે હાલ તો વિડીયો શહેરના કયા માર્ગનો છે. તેમજ કયા સમયનો છે અને બાઈકનો નંબર કયો છે તે સ્પષ્ટ દેખી શકાતુ નથી. ત્યારે પોલીસ હાલના સમયે તો આંતરીક રીતે વિડીયો કયાનો અને કયા સમયનો છે તે દિશામાં તપાસ શરુ કરીને સીસીટીવી ફુટેજ મેળવીને યુવાનો સુધી પહોંચવા માટે કવાયત હાથ ધરી છે.

# રોલ બોલની રાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની ચાર દિકરીઓ ઝળકી

## ગુજરાતના યજમાન પદે સુરત ખાતે રોલબોલ નેશનલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની રોલબોલ રમતની ચાર ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિનયશીપમાં ઝળકી છે. તાજેતરમાં સુરત ખાતે યોજાયેલી રોલબોલ નેશનલ ચેમ્પિયનશીપમાં દ્વારા તા. ૨૨થી ૨૫મી ઓગસ્ટ દરમિયાન સુરતની પી.પી. સવાણી સ્કુલ તથા મહારાણા પ્રતાપ મ્યુનિસિપલ ગાર્ડન ખાતે ૧૬મી સિનિયર રોલબોલ નેશનલ ચેમ્પિયનશીપ ૨૦૧૯-૨૦નું ૪-૩, કેરળને ૧૦-૪, તમિલનાડુને ૧૦-૩ અને મધ્યપ્રદેશને ૭-૩થી હરાવી સેમીફાઈનલમાં પ્રવશ મેળવ્યો હતો જયાં જમ્મુ કાશ્મીરની ટીમ સાથે ૦-૨થી હાર થતા કાંસ્ય ચંદ્રકથી સંતોષ માનવો




ગુજરાતની મહિલા ટીમે તૃતીય સ્થાન મેળવી પ્રથમવાર રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે જેમાં ૧૬ પૈકી ચાર ખેલાડીઓ ગાંધીનગરની છે જેના પગલે શહેરના રમતજગતમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

રોલબોલ એસોસિએશન ઓફ ગુજરાતના યજમાનપદે રોલબોલ ફેડરશન ઓફ ઈન્ડિયા આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં ગુજરાતની ગર્લ્સ ટીમે તૃતીય સ્થાન મેળવી કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ટૂર્નામેન્ટમાં ભારતભરમાંથી બોયઝ વિભાગમાં ૨૦ અને ગર્લ્સ વિભાગમાં ૧૬ એમ કુલ ૩૬ ટીમોએ ભાગ લીધો હતો.

ગુજરાતની ગર્લ્સ ટીમે યુપી પડયો હતો. ગુજરાતની ટીમમાં ગાંધીનગરની દેવાંશી પટેલ, હનીશા બથેજા, જીલ કાકડીયા તથા હેલી શાહની પસંદગી થઈ હતી. ચારેય ખેલાડીઓને કોચ ભાર્ગવ આયરે શુભેચ્છા પાઠવી છે. જયારે ગુજરાતની ટીમને રોલબોલ એસોસિએશન ઓફ ગુજરાતના જોઈન્ટ સેક્રેટરી આનંદ કાપડિયાએ અભિનંદન પાઠવ્યા છે.



## ‘‘રેન બસેરા’’ના નિર્માણ માટે ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનનું આવેદનપત્ર

ગાંધીનગરના ડેમોક્રેટીક પીપલ્સ એસોસૈશન ગુજરાતના પદાધિકારીઓ પી.જી. રાઠોડ, વિરચંદભાઈ પરમાર, જીવણલાલ જાદવ, નારણભાઈ પરમાર વગેરેનું ડેલિગેશન એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમારની આગેવાની હેઠળ શહેરમાં ‘‘રેન બસેરા’’ નાઈટ શેલ્ટર બાંધવાના દસ-બાર વર્ષથી લટકી રહેલા પ્રશ્ન અંગે મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તથા મ્યુનિસિપલ કમિશ્નર રતનકુંવરબા ગઢવી ચારણને આવેદનપત્ર આપી રજૂઆતો કરી હતી. મેયર સહિત તમામ હોદ્દેદારોએ ટુંક સમયમાં જ શહેરમાં ‘રેન બસેરા’નું નિર્માણ કાર્ય હાથ ધરવા અંગે ખાત્રી આપી હતી.

## આવતીકાલે પીડીપીયુનો સાતમો પદવીદાન સમારંભ

પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગરનો સાતમો પદવીદાન સમારોહ આગામી ૨૯મી ઓગસ્ટે કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહના અધ્યક્ષે યોજાશે. પી.ડી.પી.યુ. કેમ્પસ, રાયસણ, ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે યોજાનાર આ પદવીદાન સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પી.ડી.પી.યુ.ના અધ્યક્ષ મુકેશ અંબાણીની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની સામાન્ય સભા રવિવારે દહેગામમાં યોજાશે

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૭મી વાર્ષિક જનરલ સભા તા. ૧લી સપ્ટેમ્બરના રવિવારના રોજ સવારે ૯.૩૦ વાગે ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ સમાજ હોલ દહેગામ ખાતે રાખવામાં આવી છે. પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયનો ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો ચુકવવામાં આવશે. સભાસદ જ્ઞાતિબંધુઓએ હાજર રહેવા પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ જણાવેલ છે.

# શાળા સંકુલો ફરતે ‘‘યલ્લો લાઈન’’ તમાકુનો પ્રવેશ અટકાવતી બોર્ડર બનશે

## ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અંતર્ગત ‘‘યલ્લો લાઈન’’ કેમ્પેઈનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાના ‘‘યલ્લો નાગરિકો તમાકુના બંધાણી છે જેમાંથી પ્રતિ વર્ષ એક લાખ બંધાણીઓ તમાકુથી થતા રોગોને કારણે મોતને ભેટે છે. ભારતમાં આ તમાકુની બનાવટોના વેચાણ પર કોટપા એક્ટ-૨૦૦૩ની સેકશન ૬(બી) મુજબ કાર્યવાહી થાય તે અંગે જાગૃતિ લવાશે તેમજ શૈક્ષણિક




લાઈન કેમ્પેઈન’’નો શુભારંભ કરાયો છે. આ પ્રસંગે ગાંધીનગર ખાતેના સ્ટેટ ટોબેકો નોડલ ઓફિસર, ફેઈથ ફાઉન્ડેશનના પ્રમુખ અનંત ક્રિશ્ચિયન, જિલ્લા પંચાયતના ઈએમઓ ડૉ. યોગીતા તુલસીયાન, ફુડ એન્ડ સેફટી ઓફિસર ડૉ. પિયુષ પ્રજાપતિ, સુઘડ પીએચસીના આયુષ મેડિકલ ઓફિસર ડૉ. અમીશા પટેલ તથા ખેતીવાડી વિભાગના પ્રવિણસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરમાં ૧૨ કરોડ બિમારીઓને રોકવા ૨૦૦૩થી કોટપા નામનો કાયદો બનાવાયો છે. ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય તુમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કોબા સર્કલ પાસેની બીએપીએસ સ્કૂલ, જિલ્લા આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત અને વડોદરાની સંસ્થા ફેઈથ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ‘‘યુલ્લો લાઈન કેમ્પેઈન’’નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કેમ્પેઈન દરમ્યાન શૈક્ષણિક સંકુલોની આસપાસ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ અથવા સંસ્થાઓ ફરતે ૧૦૦ વારની ત્રિજ્યામાં ‘‘યલ્લો લાઈન’’ દોરી તમાકુ મુક્ત સંસ્થાન બનાવવા ચિહ્ન મુકાશે. આ કેમ્પેઈન અંતર્ગત આવરી લેવાયેલો ગાંધીનગર ૧૫મો જિલ્લો બનશે. આ પ્રસંગે બાળકોને તથા અન્ય નાગરિકોને તમાકુના વપરાશની આડ અસરો તથા કોટપા કાયદાની જોગવાઈઓ અંગે માહિતગાર કરાયાં હતા અને શાળા, ઘર, ગામ, જિલ્લો તથા રાજ્યને તમાકુ મુક્ત બનાવવાના શપથ લેવડાવવામાં આવ્યાં હતા.

### આજે ગાંધીનગર જિલ્લાની ૪૩ મુખ્ય સેવિકા અને ૧૦૬૮

# આંગણવાડી કાર્યકર બહેનોને સ્માર્ટ મોબાઈલ ફોન વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગાંધીનગર જિલ્લાની ૪૩ મુખ્ય સેવિકા અને ૧૦૬૮ આંગણવાડી કાર્યકર બહેનોને રૂ. ૮૬.૬૪ લાખના ખર્ચે “ICDS-CAS”( Common Application Software) ટેકનોલોજીથી સજ્જ સ્માર્ટ મોબાઈલ ફોન વિતરણ કાર્યક્રમ અને ‘વ્હાલી દીકરી’ યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૮મી ઓગષ્ટ, ૨૦૧૯ ના રોજ બપોરના ૨.૩૦ કલાકે ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને યોજાશે.

ગાંધીનગર ખાતે યોજાનાર સમારંભમાં મુખ્ય મહેમાન પદે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજય કક્ષાના મંત્રી વિભાવરીબેન દવે ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા કલેકટર એસ.કે. લાંગા અને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

અત્રે ઉપલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રીના સહી પોષણ દેશ રોશનના આહૂવાનને ચરિતાર્થ કરવા તથા સુપોષિત ગુજરાતના લક્ષ્યને હાંસલ કરવા સંકલિત બાળ વિકાસ યોજના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ‘POSHAN’ (PM’S Overarching scheme fro Holistic Nourishment) અભિયાન અંતર્ગત રાજયની ૨૧૨૨ મુખ્યસેવિકા અને ૫૩૦૨૯ આંગણવાડી કાર્યકરબહેનોને ૪૫ કરોડના ખર્ચે “ICDS-CAS” (Common Application Software) ટેકનોલોજીથી સજ્જ સ્માર્ટ મોબાઈલ ફોન વિતરણ કરવામાં આવનાર છે.



## ચિલોડા ખાતે જળસંચય અંતર્ગત ગ્રામસભા યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ગ્રામ પંચાયત હોલ ખાતે જળશક્તિ અભિયાન અંતર્ગત ગામના સરપંચ શ્રીમતી વસુમતીબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં ખાસ જળસંચયના હેતુસર જળ એ જ જીવન આધારિત સમુહ ચર્ચા અને વિસ્તૃત જાણકારી અપાઈ હતી. આ સભામાં પી.એલ.વી. પંચાયત સદસ્ય નટુભાઈ પટેલે જળનું મહત્વ, પાણીનો સંગ્રહ, વપરાશ, પાણીનો બગાડ અટકાવવા, સિંચાઈ, વીજળી, પેયજળનો માટેના સ્ત્રોત, ખેત તલાવડી, સીમ તલાવડી વગેરે જરૂરી પગલાં અંગે ગ્રામજનોને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત પ્રધાનમંત્રી કિસાન માનધાન યોજનાનો લાભ લેવા જરૂરી માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. અગ્રણી દિનેશભાઈ પટેલે જળસંચય અંગે વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાનમાં સહયોગી બનવા આહવાન કર્યુ હતુ. આ ગ્રામસભામાં આંગણવાડી, આશાવર્કર બહેનો, પ્રાથમિક શાળાના શિક્ષકો, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના સે-૨ અને સે-૩ના ભજન મંડળની બહેનો દ્વારા વૃધ્ધાશ્રમ ખાતે ફરાળી નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જીપીસીબીમાં મદદનીશ પર્યાવરણ ઈજનેરની ભરતીમાં ગેરરીતીનો દિવ્યાંગ ઉમેદવારનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તાજેતરમાં મદદનીશ પર્યાવરણ ઈજનેર વર્ગ-૨ ની ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ ઉમેદવાર દ્વારા કરવામાં આવ્યો છે. પ્રદુષણ બોર્ડમાં વિકલાંગની ૩ બેઠકમાંથી એક પણ બેઠક ભરવામાં આવી નથી. બોર્ડની ભરતીની પરિક્ષામાં ઉર્તિણ થયેલા ૮વિકલાંગ ઉમેદવારોમાંથી એક પણ ઉમેદવારને બોર્ડ દ્વારા સિલેકટ કરવામાં આવ્યો નથી. ત્યારે વિકલાંગ કેટેગરીની નોકરીમાં વિકલાંગના સ્થાને અન્ય ઉમેદવારોને આપીને બોર્ડ દ્વારા મોટાપાયે ગેરરીતી કરી હોવાનો આક્ષેપ ઉમેદવારે કર્યો છે. તે ઉપરાંત ઉમેદવારે હાઈકોર્ટના વકીલ દ્વારા બોર્ડને નોટીસ પણ પાઠવી છે અને ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. જો વિકલાંગ ઉમેદવારને ન્યાય નહી મળે તો તેણે હાઈકોર્ટના દ્વારા ખખડાવવાની ચિમકી ઉચ્ચારી છે.

ગુજરાત પ્રદુષણ બોર્ડની આપેલી જાહેરાતમાં મદદનીશ પર્યાવરણ ઈજનેર ભરતી પ્રક્રિયામાં પાસ થવા છતા નોકરી માટે દિવ્યાંગ ઉમેદવાર આમથી તેમ ફરી રહ્યો છે અને મદદ માટે ગુહાર લગાવી રહ્યો છે. દિવ્યાંગ ઉમેદવારનું કહેવુ છે કે બોર્ડ દ્વારા જાહેરાતમાં મદદનીશ ઈજનેરની ૫૩ જગ્યા હતી. જેમાં ૩ જગ્યા વિકલાંગ માટે અનામત હતી. ત્યારે બોર્ડ દ્વારા વૈજ્ઞાનિક અધિકારીની-૪ જગ્યા, જુનીયર અધિકારીની વર્ગ-૨ ની ૩ જગ્યા તેમજ જન સંપર્ક અધિકારીની જગ્યા-૧ , સિનિયર વૈજ્ઞાનિક મદદનીશની ૩૪ જગ્યા, સિનિયર કલાર્કની ૬ જગ્યા સહિત મદદનીશ પર્યાવરણ ઈજનેરની ૫૩ જગ્યા હતી. પરિક્ષામાં પાસ થયા બાદ ઈન્ટરવ્યુ યોજાયા હતા, જેમાં તમામને લાયકાત પ્રમાણે જે તે જગ્યા પર નોકરી આપી દેવામાં આવી છે. ત્યારે મદદનીશ પર્યાવરણ ઈજનેરની પરિક્ષામાં માત્રને માત્ર ૮ દિવ્યાંગ પાસ થયા હતા અને તે તમામ ઈન્ટરવ્યુમાં પણ આવ્યા હતા. પરંતુ કોઈપણ દિવ્યાંગને નોકરી રાખવામાં આવ્યો નથી. ડોક્યુમેન્ટ વેરીફિકેશનના નામે તેઓને હાંકી કાઢવામાં આવ્યા છે તેવું ઉમેદવારનું કહેવું છે.અને તેના સ્થાને બોર્ડ દ્વારા ગેરરીતી આચરીને અન્ય કોઈને નોકરી પર રાખવાનો કારસો ઘડાઈ રહ્યો હોવાનો આક્ષેપ દિવ્યાંગ ઉમેદવારે કર્યો છે અને જો ન્યાય નહી મળે તો હાઈકોર્ટના દ્વારા પણ ખખડાવવા માટે તૈયાર છે. ઉમેદવારે વકીલ દ્વારા કાનુની નોટીસ તો બોર્ડને મોકલી આપી છે.તે ઉપરાંત રાજયના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓને પણ લેખિત રજુઆત કરી યોગ્ય કરવા જણાવ્યું છે.

## સ્વચ્છતા સર્વેક્ષણ કાર્યક્રમ હેઠળ જિલ્લાની ૩૦૩ ગ્રામ પંચાયતોને આવરી લેવાઈ

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૪મી ઓગષ્ટથી ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સર્વેક્ષણ જિલ્લાની ૩૦૩ ગ્રામ પંચાયત વિસ્તારને આવરી લેવામાં આવશે. આ કાર્યક્રમ આગામી તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી પૂર્ણ કરવામાં આવશે. આ સ્વચ્છતાલક્ષી સર્વેક્ષણનીક કામગીરી નિયત કરાયેલી એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે.

આ અંગે ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં આ સમયગાળા દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરાયેલી એજન્સી દ્વારા સંબંધિત ગામમાં સ્વચ્છતાલક્ષી સગવડોની ઉપલબ્ધતા અને તેની ઉપયોગીતા જાહેર સ્થળો પર ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરાશે અને જે તે ગામમાં ગ્રામજનોના પ્રતિભાવોમાં ગૃપ મીટીંગ ચાવીરૂપ વ્યક્તિ અને ઓનલાઈન મોબાઈલ એપથી પ્રતિભાવો મેળવવા સ્વચ્છતાલક્ષી સગવડોની ઉપલબ્ધતાની પ્રગતિ સંદર્ભે વ્યક્તિગત તથા સામૂહિક શૌચાલયની સુવિધા, શાળા શૌચાલય, આંગણવાડી શૌચાલય, ધાર્મિક સ્થળો, પે શૌચાલય તેમજ ગ્રામીણ હાટ, સ્થાનિક બજારો પાસે શૌચાલયની સુવિધાનું નિરીક્ષણ કરાશે.

# ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિ સેનાની કારોબારી બેઠક મળી

ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિસેનાની પ્રદેશ કારોબારી ગાંધીનગર સર્કીટહાઉસ ખાતે પ્રદેશ પ્રમુખ પ્રવિણસિંહ ઠાકોરની અધ્યક્ષતામાં મળી હતી. ગુજરાતમાં ઠાકોર સમાજની વસ્તી આશરે ૩૮ ટકા છે. દેશને આઝાદ થયે ૭૧



વર્ષ જેટલો સમય થયો હોવા છતાં આજે પણ ઠાકોર સમાજ આર્થીક, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત છે. સમાજના વિકાસ માટે સંગઠીત થઈ સરકારમાં પંદર ટકા અલગ અનામત માંગવી, અલગ નિયમ બનાવવુ, ઢુંઢેરના બનાવ વખતે યુવાનો ઉપર થયેલ કેસ પરત ખેંચવા, ગાંધીનગરમાં હોસ્ટેલ બનાવવા જગ્યા માંગવી, વિદ્યાર્થીઓ માટે ટ્યુશન સહાય, સરકારી ભરતી પૂર્વે તાલીમ વર્ગ માટે સહાય, બીજા તાલુકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ભોજન બીલ, રોજગારીની તકો ઉભી કરવી, નિગમમાં મોટુ ભંડોળ મુકવુ, નીગમમાં ચેરમેન તથા ડીરેક્ટર ઠાકોર મુકવા જેવી વિવિધ માંગણીઓ અંગે રજૂઆત કરવાનું સર્વાનુમતે બેઠકમાં ઠરાવવામાં આવ્યું હતું. મીટીંગનું સફળ આયોજન ગાંધીનગર પ્રમુખ સુરેશસિંહ શંભુજી ઠાકોર તથા મહામંત્રી નટુભાઈ ઠાકોરે કર્યુ હતુ. આ ઉપરાંત ભાદરવી પુનમે મા અંબાજીના દર્શને જતા પદયાત્રીની સેવા માટે ખેરાલુ ખાતે સેવા કેમ્પ બનાવવાનું ઠરાવાયુ હતુ.